શબ-પરીક્ષણનો પહેલો દસ્તાવેજ

રણભૂમિમાં રાવણના મૃતદેહ પાસે રડતી મંદોદરીએ જે કહ્યું તે માત્ર રુદન નહોતું પણ પ્રાચીન ભારતનો શબ-પરીક્ષણનો સૌથી પહેલો દસ્તાવેજ હતો. વાલ્મીકિ રામાયણનો યુધ્ધકાંડ એનો સાક્ષી છે. મંદોદરીએ સ્પષ્ટ કહ્યું હતું કે, જેણે પોતાની ઈન્દ્રિઓ પર વિજય મેળવ્યો તેને અંતે પોતાની જ ઈન્દ્રિયોના વિષે માર્યો.હાર્વર્ડ અને એમ.આઇ.ટી. હાલમાં જે રહસ્ય ઉકેલી રહ્યા છે કે માણસના વિચાર અને તેનો અહંકાર તેના ડીએનએને સંપૂર્ણ બદલીને તેને અંદરથી કેવો ખોખલો બનાવી દે છે તે રહસ્ય મંદોદરીએ સાત હજાર વર્ષ પહેલાં જ લંકાની જમીન પર ઉજાગર કર્યું હતું.

રામે તેને માર્યો નહોતો. ચોંકો નહીં. જો તમે એમ માનતા હો કે લંકાપતિ રાવણનું મૃત્યુ માત્ર પ્રભુ રામના આગ્નેયાસ્ત્ર (અગ્નિબાણ) થી જ થયું હતું તો તમે યુધ્ધભૂમિના સૌથી મોટા જૈવિક રહસ્યથી અજાણ છો. મંદોદરી સામાન્ય શોકાતુર વિધવા નહોતી. તે પ્રાચીન વિશ્વના સૌથી મહાન ભૌતિક વિજ્ઞાની માયાસુરની પુત્રી હતી. રાવણની કપાયેલી નાભિ અને નિસ્તેજ આંખો જોઈને મંદોદરીએ એક એવો શ્લોક ઉચ્ચાર્યો જેણે તે યુગના આનુવંશિક વિજ્ઞાન (જેનેટિક્સ)ના પાયાને જ હચમચાવી નાંખ્યા. છાતી કૂટતાં તેણે કહ્યું, ''તને રામે નથી માર્યો. આ તો તારા પોતાના જ ડીએનએનો આત્મવિનાશ હતો.

ડીએનએ રાખ થઈ ગયું. શું તમે કયારેય વિચાર્યું છે કે જેણે હજારો વર્ષોની તપસ્યા દ્વારા દસ મસ્તકોવાળા ચેતાતંત્ર પર પ્રભુત્વ મેળવ્યું હતું અને જેણે કપાયેલા મસ્તકને ફરી જોડી શકે તેવા અમૃતને આત્મસાત કર્યું હતું તે અચાનક એક જ દિવસમાં ધૂળનો ઢગલો કેવી રીતે બની ગયું?! બાણ તો માત્ર તેની નાભિને વીંધી ગયું હતું પરંતુ સાચો વિનાશ રાવણના કોષીય તંત્રના ઊંડાણમાં સર્જાયો હતો. મંદોદરીએ જયારે તે વિશાળ શરીરની નસોને જોઈ તો તે ભૂરી થઈ ગઈ હતી. અનિયંત્રિત કામવાસના અને અહંકારને કારણે જીનમાં થતો આંતરિક ક્ષય લંકાપતિના શરીરમાં વર્ષો પહેલાં જ શરૂ થઈ ચૂકયો હતો. રામનું બાણ તો બહારથી વાગ્યું હતું.



રાવણના નિષ્પ્રાણ મુખને જોઈને મંદોદરીએ એક ગહન અને વિચલિત કરી દે તેવું સત્ય પ્રગટ કર્યું હતું, જેને પરંપરાગત ટીકાકારોએ માત્ર 'કાવ્યાત્મક અભિવ્યકિત' સમજી હતી

રાવણનું ભીતર તો પહેલેથી જ ક્ષતિગ્રસ્ત થઈ ગયું હતું.

રાવણ કોઈ સામાન્ય માનવી નહોતો. તે એક ક્રાયો જેનેટિક સંકર હાઈબ્રીડ અને અસામાન્ય જીવ હતો. તેનું શરીર યુધ્ધભૂમિની ધગધગતી લાલ રેતી પર પડયું હતું. નાભિનો અમૃત કુંડ સુકાઈ ગયો હતો. તેનાં દસ માથાં ધૂળમાં રગદોળાઈ ગયાં હતાં. પણ સાચા વૈજ્ઞાનિક આશ્ચર્યની ક્ષણ તો ત્યારે આવી જયારે મંદોદરી મૃતદેહ પાસે પહોંચીને વિલાપ કરવા લાગી.

મંદોદરી કોઈ સામાન્ય સ્ત્રી નહોતી. 'સૂર્ય સિધ્ધાંત'માં ખગોળશાસ્ત્ર અને પરમાણુ ભૌતિક વિજ્ઞાનને લગતાં ગાણિતિક સૂત્રોનું આલેખન કરનાર માયાસુરની પુત્રી હતી. વાલ્મીકિ રામાયણના યુધ્ધકાંડ (સર્ગ 111, શ્લોક 36-38) માં વર્ણવ્યા અનુસાર રાવણના નિષ્પ્રાણ મુખને જોઈને મંદોદરીએ એક ગહન અને વિચલિત કરી દે તેવું સત્ય પ્રગટ કર્યું હતું, જેને પરંપરાગત ટીકાકારોએ માત્ર 'કાવ્યાત્મક અભિવ્યકિત' સમજી હતી.

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

અતિકાયં મહાકાયં મહાવીર્યં મહાબલમ્
અમાનુષં વપુઃ કૃત્વા વિચરન્તં નિશાચરમ્ |
નૈવ દેવા ન ગન્ધર્વા ન દિત્યા ન ચ દાનવાઃ
શકતાસ્ત્વં ધર્ષયિતું સંખ્યે રામસ્તુ માનુષો હતઃ||

વાલ્મીકિના આ ત્રણ શબ્દો સમજીએઃ'અમાનુષઃ વપુઃ કૃત્વા' અર્થાત્ તે માનવ જીવવિજ્ઞાનના કુદરતી નિયમો વિરૂધ્ધનું સર્જન હતું.અહીં સૌથી મોટો વિરોધાભાસ રહેલો છે. એક એવું અસ્તિત્વ જેને દેવો, દાનવો અને ગંધર્વોની સંયુકત શકિત પણ હરાવી શકી ન હતી. તેનો અંત આખરે એક મનુષ્ય દ્વારા થયો. રામ માનવરૂપે જ પ્રગટ થયા હતા ને!

શું આ માત્ર એક સુખદ સંયોગ હતો કે પછી આંતર સત્ત્વના ક્ષયની ભયાનક ગણતરી હતી જેના વિચાર માત્રથી રૂંવાડાં ઊભાં થઈ જાય! રાવણના જન્મને આનુવંશિક વિજ્ઞાનના દૃષ્ટિકોણથી તપાસીએઃ હાઈબ્રીડ-સંકર વિસંગતિ ઋષિ ડીએનએ + અસુર ડીએનએ. પિતા મહર્ષિ વિશ્રવા શુધ્ધ વૈદિક ઋષિ વંશના પુલસ્ત્ય કુળના હતા. માતા કૈકેસી અસુર વંશની- સુમાલીની પુત્રી હતી.

આધુનિક આનુવંશિક વિજ્ઞાનનો એક અફર સિધ્ધાંત છે કે જયારે બે અત્યંત ભિન્ન આનુવંશિક વંશાવળીઓ વચ્ચે સંકરણ કરવામાં આવે ત્યારે એક અસાધારણ અસર જોવા મળે છે, જેને વિજ્ઞાનમાં 'હાઈબ્રીડ વિગર' તરીકે ઓળખવામાં આવે છે.

રાવણના શરીરમાં ઋષિકુળનું સામર્થ્ય હતું. બૌધ્ધિક ક્ષમતા સામાન્ય મનુષ્ય કરતાં દસ ગણી વધારે હતી. જયારે 'અસુર' ડીએનએ એ તેના કોષોને અત્યંત સક્રિય કોષવિભાજન અને અંગોના પુનર્નિમાણની ક્ષમતા બક્ષી હતી. પરંતુ તેમાં જ પ્રકૃતિનો સૌથી મોટો શાપ છુપાયેલો હતો.

(ક્રમશઃ) સોશ્યલ મીડિયાના આધારે સાભાર)

સાચો વાત્સલ્ય ભાવ અને નિષ્કામ ભકિતથી ભગવદ્ પ્રાપ્તિ થાય છે

એક નાનકડા ગામમાં એક એકાંતવાસી વૃદ્ધ માઈ રહેતાં હતાં. આ સંસારમાં તેમનું કોઈ સગું-સંબંધી ન હોવાથી તેઓ અત્યંત અકેલાપણું અનુભવતા હતા. એક દિવસ એ ગામમાં એક પવિત્ર સંત પધાર્યા. માઈએ પરમ શ્રદ્ધાથી સંતનો ભાવપૂર્વક આદર-સત્કાર કર્યો. વિદાય વખતે માઈએ સજળ નેત્રે વિનંતી કરી કે ''મહારાજ! આપ તો હરિના પરમ ભક્ત છો, મને એવા આશીર્વાદ આપો જેથી મારું આ અસહ્ય એકલતાનું દુઃખ દૂર થઈ જાય.'' સંતે મંદ હાસ્ય કરી પોતાની ઝોળીમાંથી બાલ-ગોપાલની એક વિગ્રહ મૂર્તિ કાઢીને આપતા કહ્યું કે ''માઈ ! આ જ તમારો પુત્ર છે, આનું તમારા બાળકની જેમ પ્રેમપૂર્વક લાલન-પાલન કરજો.''

માઈ તો પરમ આનંદિત થઈને બાળ-ગોપાલને પોતાના જ કાળજાનો ટુકડો માનીને તેની સેવામાં લીન થઈ ગયાં.

શ્રીમદ્ ભાગવત અનુસાર ભગવાન 'ભાવગ્રાહી જનાર્દન' છે, તેઓ કોઈ જપ, તપ કે બાહ્ય આડંબરથી નહીં પરંતુ ભક્તના હૃદયનો નિષ્કપટ ભાવ જ જુએ છે. માઈએ શ્રી યશોદાજીના જેવા શુદ્ધ વાત્સલ્ય ભાવથી પ્રભુની સેવા શરૂ કરી. એક દિવસ ગામના કેટલાંક નટખટ બાળકોએ માઈને મૂર્તિ સાથે વહાલ કરતા જોયાં. રમૂજમાં તેમણે કહ્યું કે, ''અરી માઈ! જંગલમાંથી એક હિંસક ભેડિયું ગામમાં

મહારાજ! આપ તો હરિના પરમ ભક્ત છો, મને એવા આશીર્વાદ આપો જેથી મારું આ અસહ્ય એકલતાનું દુઃખ દૂર થઈ જાય

ઘૂસી આવ્યું છે જે નાનાં બાળકોને ઉપાડીને ખાઈ જાય છે.તારા લાલનું ધ્યાન રાખજે !'' આ સાંભળી ભોળી માઈ વ્યાકુળ થઈ ગઈ. તેણે તુરંત બાલ-ગોપાલને ઘરમાં પથારી કરી સુવડાવ્યા અને હાથમાં લાકડી લઈ દ્વાર પર પહેરો દેવા બેસી ગઈ. પોતાના લાલની રક્ષા માટે માઈએ અન્ન-જળનો ત્યાગ કરી દીધો.

ગીતામાં વર્ણવેલ 'અનન્ય ભક્તિ'ની જેમ તે ભૂખી-તરસી પાંચ દિવસ અને પાંચ રાત સુધી પલક ઝપકાવ્યા વગર જાગતી રહી. માઈનો આ અપ્રતિમ પ્રેમ જોઈને સર્વેશ્વર ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય દ્રવી ઊઠ્યું. પ્રભુ સ્વયં અતિ સુંદર બાળકનું



રૂપ ધારણ કરી પીતાંબર અને આભૂષણોથી સજ્જ થઈને પ્રગટ થયા. આહટ સાંભળી માઈ લાકડી લઈને ઊભી થઈ. ત્યારે પ્રભુએ કહ્યું કે, ''માઈ ! હું જ તારો બાળ-ગોપાલ છું'' પરંતુ વાત્સલ્ય રસમાં ડૂબેલી માઈએ ઈશ્વરીય વૈભવને પણ નકારી દેતા કહ્યું કે, ''ચાલ હટ! મારા લાલ આગળ તારા જેવા હજારો ન્યોછાવર છે.''

શાસ્ત્રો કહે છે કે જ્યાં અહંકારરહિત પ્રેમ હોય છે ત્યાં ભગવાનનું ઐશ્વર્ય પણ નાનું પડે છે.

માઈની આ નિષ્ઠા જોઈને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને માઈને સદેહે પોતાના પરમ ધામ 'ગોલોક' માં સ્થાન આપ્યું.

ધર્મશાસ્ત્રોના સનાતન સંદેશ મુજબ આપણા શરીરરૂપી મંદિરમાં બિરાજમાન ઈશ્વરીય અંશ-આત્માને કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારરૂપી 'અંતરના ભેડિયાઓ' થી બચાવવો જોઈએ. જ્યારે મનુષ્ય વિષય-વાસનાઓથી મુક્ત થઈને તન-મનથી પ્રભુ પરાયણ બને છે ત્યારે પરમાત્મા તેને અવશ્ય સાક્ષાત્કાર કરાવે છે.

- વિનોદભાઈ માછી નિરંકારી